જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૯/૨૦૨૩ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

# વસ્ત્રાપુર પો.સ્ટે.વિસ્તારમાંથી નાંણાની હારજીતનો જુગાર રમતા કુલ્લે ૧૯ ઈસમોને રુપિયા ૪૬,૩૫,૦૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ મોડી રાત્રે સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી, મસ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન. બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, મ.સ.ઈ. ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો. ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.નરેન્દ્રકુમાર મેરુભાઈ ૪૮૯૯, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી સા. નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે વસ્ત્રાપુર, થલતેજ ચાર રસ્તાની બાજુના ભાગે આવેલ ન્યુયોર્ક ટાવર-એ ના નવમા માળે આવેલ ઓફીસ નં.૯૨ માં પંચો સાથે રેઈડ કરતા આરોપીઓ નામે (૧) ધર્મેંદ્રભાઈ ઉર્ફે ધમો ઉંઝા રાયચંદભાઈ પટેલ ઉ.વ.૪૨ ધંધો- ખેતી રહેવાસી. બંગલા નં. ૧, કેવલેશ્વર હેલ્થ સેંટરની બાજુમાં, વિસનગર રોડ, ઉંઝા, મહેસાણા તથા અન્ય ૧૮ માણસો મળી કુલ્લે ૧૯ ઈસમોને હારજીતનો ગંજીફાના પાનાથી જુગાર રમી રમાડતા રોકડા નાણા રૂ.૬,૭૦,૦૦૦/તથા અન્ય જુગાર રમવાના સાધનો મળી કુલ્લે કિં.રૂ.૪૬,૩૫,૦૦૦/- નો મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી વસ્ત્રાપુર પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૨૦૨૩૦૫૨૧/૨૦૨૩ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) ધર્મેંદ્રભાઈ ઉર્ફે ધમો ઉંઝા રાયચંદભાઈ પટેલ ઉ.વ.૪૨ રહે. બંગલા નં.૧, કેવલેશ્વર હેલ્થ સેંટરની બાજુમાં, વિસનગર રોડ, ઉંઝા, મહેસાણા (૨) મયુર ઉર્ફે મેહુલ સુરેશભાઈ ઠક્કર ઉ.વ.૩૬ રહે. બી/૨૦૧ ઈંદ્રપ્રસ્થ-૮, તુલીપ બંગલોઝની ગલીમાં, થલતેજ, (૩) કાળુજી શકરાજી ડાભી ઉ.વ.૪૭ રહે. ગામ- નિધરાડ, તા. સાણંદ, જીલ્લો- અમદાવાદ (૪) જયેંદ્રસિંહ ઉર્ફે મુકેશ લખુભા સિસોદિયા ઉ.વ.૫૦ રહે. બંગલા નં.૩ આશા સોસાયટી, સાણંદ જીલ્લો-અમદાવાદ (૫) મનીષ ગોવિંદભાઈ પટેલ ઉ.વ.૩૯ રહે. બંગલા નં.બી-૫૮ સ્ટર્લીંગ સીટી, બોપલ, અમદાવાદ મુળ વતન- ગામ-નિધરાડ, તા.સાણંદ, જીલ્લો-અમદાવાદ (૬) ડેવીસકુમાર સુરેશભાઈ પટેલ ઉ.વ.૩૭ રહે. ચન્દ્રનગર, બહારમાઢ, ઉંઝા (૭) ઘેલુભા ઉર્ફે મુકેશસિંહ જુવાનસિંહ ઝાલા ઉ.વ.૪૫ રહે. બંગલો-૨ વાલકેશ્વર, સાણંદ, જીલ્લો-અમદાવાદ (૮) અમીરામભાઈ શંકરભાઈ જોષી ઉ.વ.૪૦ રહે. ૮૦૪/બી ચિનમય ટાવર, સુભાષ ચોક, ગુરૂકુળ ટાવર, વસ્ત્રાપુર, (૯) ધર્મેંદ્રકુમાર ધીરજભાઈ પટેલ ઉ.વ.૪૯ રહે. તીર્થધામ સોસાયટી, દાસજ રોડ, ઉંઝા, જીલ્લો-મહેસાણા (૧૦) રાજેશકુમાર જેઠાભાઈ પટેલ, ઉ.વ.૪૨ રહે. ગામ- ટુંન્ડાવ, ઉંડોમાઢ, તા.ઉંઝા, જીલ્લો. મહેસાણા (૧૧) ખેંગારભાઈ મનજીભાઈ સોલંકી (કોળી પટેલ) ઉ.વ.૪૬ રહેવાસી. ડી/૮૩ વિશાલ રેસીડેંસી, રીષિકેશ સોસાયટી, આનંદનગર, સેટેલાઈટ, (૧૨) દિપકકુમાર મનસુખભાઈ ઠક્કર ઉ.વ.૪૫ રહે. ૯૦૨ પોપ્યુલર ડોમેન, રાજપથ કલ્બની સામે, એસ.જી.હાઈ-વે, બોડકદેવ, (૧૩) ધર્મેશ કાળીદાસ પટેલ ઉ.વ.૫૦ રહે. ૬૭ પરમધામ સોસાયટી, આંબલી, બોપલ, અમદાવાદ (૧૪) ભુપતભાઈ સોમાભાઈ ચૌહાણ ઉ.વ.૪૦ રહે, ગામ-વાઠવાડી, તા.મહેમદાબાદ જીલ્લો ખેડા (૧૫) તેજાભાઇ કરશભાઇ તુરી, ઉ.વ.૫૨, રહે, ગામ-પંચાસર, તા.શંખેશ્વર, જીલ્લો પાટણ (૧૬) સજ્જનસિંગ અર્જુનસિંગ રાજપુત, ઉ.વ.૪૧, રહે,રબારી વાસ નં.૨, ગોપાલનગર, વાડીનાથ ચોક, મેમનગર (૧૭) મોહનભાઇ નવલભાઇ કલાલ, ઉ.વ.૫૦, રહે, પ્રજાપતી વાસ, પાણીની ટાકી વાસ, આંબલી ગામ, બોપલ, (૧૮) દેવીલાલ ભીમજીભાઇ પ્રજાપતિ, ઉ.વ.૪૨, રહે, સદર ઓફીસમાં તથા મુળ વતન ગામ-ઉપરગામ, તહેસીલ-ડુંગરપુર, તા.જીલ્લો-ડુંગરપુર રાજસ્થાન (૧૯) ગંગારામ મોગજી પટેલ, ઉ.વ.૪૦, રહે, સદર ઓફીસમાં તથા મુળ વતન ગામ-નૌલી, તહીએલ સલુંબર, જીલ્લા ઉદયપુર, રાજસ્થાન

**ગુનાની જગ્યા :** વસ્ત્રાપુર, થલતેજ ચાર રસ્તાની બાજુના ભાગે આવેલ ન્યુયોર્ક ટાવર-એ ના નવમા માળે આવેલ ઓફીસ નં.૯૨ માં

**પકડાયેલ મુદામાલ :** (૧) રોકડા નાણા રૂ.૬,૭૦,૦૦૦/- તથા (૨) તેઓની અંગ જડતીમાંથી મળી આવેલ મોબાઈલ ફોન નંગ-૨૧ કુલ્લે કિં.રૂ.૬,૨૫,૦૦૦/- તથા (૩) લીલા તથા કાળા કલરના પ્લાસ્ટિકના મિલન-૧ લખેલ કોઈન નંગ-૧૦૦૦/- કિં.રૂ.૦૦/- તથા (૪) ગંજીફાની કેટ નં.૨૫ કુલ્લે કિં.રૂ.૦૦/- તથા (૫) પૈસા ગણવા માટેનુ મશીન નંગ-૧ કિં.રૂ.૨૫,૦૦૦/- તથા (૬) સીસીટીવી કેમેરાના ડીવીઆર સીસ્ટમના ઉપકરણો નંગ-૩ કુલ્લે કિં.રૂ.૧૫,૦૦૦/- તથા (૭) લાઈટબીલ નંગ-૧ કિં.રૂ.૦૦/- તથા (૮) જુગાર રમવા માટે અત્રેની જગ્યાએ વાહનો લઈ આવેલ તે ફોર વ્હીલર કાર નંગ-૪ કુલ્લે કિં.રૂ.૩૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૪૬,૩૫,૦૦૦/- નો મુદ્દામાલ

## શહેરકોટડા પો.સ્ટે.વિસ્તારમાંથી ઓનલાઈન યંત્રમા નાણાની આંક ફરક્નો હારજીતનો જુગાર રમતા ૧૦ ઈસમોને કુલ્લે રૂ.૧,૦૭,,૭૫૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૦૩.૦૯.૨૩ ના રોજ સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી, મસ.ઈ. મહમંદ યુનુસ અસગરઅલી બ.ન. બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો. ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો. પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ. જગદેવસિહ ગુલાબસિહ તથા અ.પો.કો.પ્રવીણસિહ દેવેન્દ્રસિહ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે  શહેરકોટડા સરસપુર ચારતોડા કબ્રસ્તાનની પાસે, માણેકલાલ હરીલાલની ચાલીમાં આવેલ દુકાન ન.૪૭૧/૬૩ માં પંચો સાથે રેઈડ કરતા આરોપીઓ નામે (૧) મહેબુબભાઈ હુસેનભાઈ રંગેરેઝ રહે.૧૦, નિરંજનની ચાલી, સરસપુર અમદાવાદ તથા અન્ય ૯ આરોપીઓ મળી કુલ્લે ૧૦ ઈસમોને ઓનલાઈન યંત્રમા નાણાની આંક ફરક્નો હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા નાણા રૂ.૨૧,૨૫૦/તથા અન્ય જુગાર રમવાના સાધનો મળી કુલ્લે કિં.રૂ.૧,૦૭,૭૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી શહેરકોટડા પો.સ્ટે. ખાતે બી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦શહેરકોટડા૪૧૨૩૦૮૫૧/૨૦૨૩ જુગાર ધારા કલમ ૪,૫મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) મહેબુબભાઈ હુસેનભાઈ રંગરેઝ રહે.મ.ન.૧૦, નિરંજનની ચાલી, સરસપુર (૨) અનુપ રાજેન્દ્રભાઈ ગુપ્તા રહે. ૩, મહાદેવનુ ડેહલુ , સરસપુર (૩) સાજીદ સાબીરભાઈ અંસારી રહે. નુરભાઈ ધોબીની ચાલી, આમ્રપાલી સિનેમા પાસે, ગોમતીપુર (૪) સમુન ઈસ્લામ અંસારી રહે.૨૧, સોની ની ચાલી, ગોમતીપુર (૫) ઈકબાલ સતારભાઈ તેલી રહે.૨૧, બારાસાંચે કી ચાલી, ગોમતીપુર (૬) કિરણ રાજેશભાઈ પટણી રહે.હાચાભાઈની ચાલી, સરસપુર (૭) મેહુલ રાજેન્દ્રભાઈ પરમાર રહે.૫૫ અચાભાઈ મીલની ચાલી, સરસપુર (૮) રોહિતભાઈ રાજુભાઈ પટણી રહે.સદર (૯) મોહમંદ રાસીદ રઈસ અહેમદ અંસારી રહે.માધુભાઈ મીલ કંપાઉંડ મા આવેલ છાપરામા સરસપુર (૧૦) મોહમંદ આશીક મુશીરઅહેમદ અંસારી રહે.નુરધોબીની ચાલી, રાજ્પુર ગોમતીપુર અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા** :

શહેરકોટડા સરસપુર ચારતોડા કબ્રસ્તાનની પાસે, માણેકલાલ હરીલાલની ચાલીમાં આવેલ દુકાન ન.૪૭૧/૬૩ માં

**પકડાયેલ મુદામાલ :**

(૧) રોકડા નાણા રૂ.૨૧,૨૫૦/- તથા (૨) મોબાઈલ ફોન નંગ-૦૯ કુલ્લે કિં.રૂ.૬૫,૦૦૦/- (૩) ઈલેકટ્રીક ઉપકરણો કોમ્પુટર સિસ્ટમ મોનીટર સીપીયુ ઈન્ટરનેટ ડોંગલ સ્લીપ પ્રિન્ટર કી બોર્ડ માઉસ બોરકોડ સ્કેનર વિગેરે કિ.રુ.૧૯,૫૦૦ (૪) પ્રિંટેડ સ્લીપ નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે કિં.રૂ.૧,૦૭,૭૫૦/- નો મુદ્દામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૫૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૪ કેસ કરી, ૯૫ વ્યક્તિઓને ઝડપી, ૯૫૧ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૧ લોડીંગ ટેમ્પો અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૩૭,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૫૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી:- સમાચાર યાદી નં.૧૪૫૬/૨૦૨૩

**વેજલપુરઃ** અમિતાબહેન વા/ઓ પંકજભાઈ કણજરીયા (ઉ.વ.૬૧) (રહે. વિભાવરી સોસાયટી વિભાગ-૨ બેંક ઓફ બરોડા સામે જીવરાજ પાર્ક વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે અમિતાબહેન કણજરીયાના ઘરે સેલ્સમેનની ઓળખ આપી એક પુરૂષ આવ્યો હતો અને તાબા-પિત્તળના વાસણો ઉજળા કરવા માટેનો પાવડર વેચાણ કરતો હોવાનુ જણાવી અમિતાબહેન કણજરીયા પાસેથી તાંબા-પિત્તળના વાસણ માંગી પાવડર વડે ઉજળા કરી આપ્યા હતા. ત્યારબાદ અન્ય એક પુરૂષ પણ આવ્યો હતો અને સોના-ચાંદીના દાગીના પણ ચમકાવી આપવાનુ જણાવી બન્ને પુરૂષોએ અમિતાબહેન કણજરીયાની નણંદ તેમજ અમિતાબહેન કણજરીયાની બન્નેની સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ઉજળા કરવા મેળવી લઈ, સ્ટીલનો ડબ્બો મંગાવી ડબ્બામાં પાવડર નાખી સોનાની ચેઈન ડબ્બામાં મુકી ગેસ ઉપર ગરમ કરવા રસોડામાં જઈ સોનાની ચેઈન કાઢી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૫૭/૨૦૨૩

**બોડકદેવઃ** પુલીન રતિલાલ પુરોહીત (ઉ.વ.૫૭)(રહે,સોલીટર બંગ્લોઝ સાયન્સ સીટી રોડ સોલા) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજરોજ તા.૦૪/૦૯/૨૦૨૩ કલાક ૨/૧૫ થી સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના ભાગે રસોડાનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**નરોડાઃ** ભાવેશભાઇ નટવરભાઇ પટેલ (રહે. રોયલ રીઝોઇસ-૩ હંસપુરા ગામ નરોડા-દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૯/૨૦૨૩ રાતના ૮/૩૦ થી તા.૦૩/૦૯/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૬૭,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હિમંતસિંહ ઉદેસિંહ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૮/૨૦૨૩**

**નારણપુરાઃ** બકુલકુમાર રસીકલાલ શાહ (ઉ.વ.૫૧) (રહે. આદિશ્વર ફ્લેટ પલ્લવ ચાર રસ્તા આનંદ ભાજીપાઉ પાછળ નારણપુરા) એ તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બકુલકુમાર શાહ મિરઝાપુર ઓટો મોબાઈલની દુકાન ધરાવી ધંધો કરતા હોઈ તા.૦૨/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૧૦ વાગ્યાના સુમારે મિરજાપુરથી પોતાની એક્ટીવાની ડેકીમાં રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- મુકી બકુલકુમાર શાહ નારણપુરા વિજયનગર ઇન્ડીયન ઓઇલ પેટ્રોલ પંપ પાસે રેખાપાર્ક સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો બકુલકુમાર શાહની ચાલુ એક્ટીવાની ચાવી કાઢી લઇ નાસી ગયા હતા. દરમ્યાન એક્ટીવા બંધ થઈ જતા બકુલકુમાર શાહ ઉભા હતા ત્યારે બન્ને પુરૂષો પૈકી એક પુરૂષ હાથમા છરો લઇ ચાલતો આવી બકુલકુમાર શાહને હિન્દી ભાષામા જણાવેલ કે “તુમ પેટ્રોલ પંપ તરફ ચલે જાવો” તેમ જણાવતા બકુલકુમાર શાહ એક્ટીવા નજીક જવા પ્રયત્ન કરતા બકુલકુમાર શાહને છરો બતાવી જણાવેલ કે “તેરે કો બોલાના દુર ચલે જાવો” જેથી બકુલકુમાર શાહ થોડે દુર જતા છરો લઈને આવેલ પુરૂષ બકુલકુમાર શાહની એક્ટીવાની ચાવીથી એક્ટીવા ચાલુ કરી એક્ટીવાની લુંટ કરી નાસી ગયો હતો. જે એક્ટીવાની ડેકીમા મુકેલ રૂપિયા ૭,૦૦,૦૦૦/-, દુકાનની ચાવી, પેનડ્રાઇવ, એક્ટીવાના ફ્લોર પર મુકેલ એક્ટીવાના બ્રેક લાઇનરના બોક્ષ નંગ-૨, પાણીનો જગ, ટિફીન મળી કુલ રૂપિયા ૭,૨૧,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૩**

**નરોડાઃ** ભગવાનલાલ શુકલાલ કલાલ (ઉ.વ.૨૬) (રહે. શ્રી દેવ સુપર માર્કેટ દુકાન નંબર-૯૭ સ્વામિનારાયણ પાર્ક નવા નરોડા) તા.૦૧/૦૯/૨૦૨૩ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે ભગવાનલાલ કલાલ તેમના પત્નીને મોટર સાયકલ પાછળ બેસાડી નરોડા ભાગોળ ત્રણ રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ભગવાનલાલ કલાલના પત્નીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભગવાનલાલ કલાલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૦/૨૦૨૩**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સલીમમીયા સઉદમીયા અબર (ઉ.વ.૫૦) (રહે. ઈન્ડીયન ફ્લેટ મકાન નંબર-૪ ઓ.એસ.પર્સ જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે એલિસબ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** ભાનુશ્રી વા/ઓ આદિત્ય સેંગર) (ઉ.વ.૨૮) (રહે. સમૃધ્ધી બંગલોઝ ન્યુ.સી.જી.રોડ, એસ.બી.આઈ. બેંક સામે ચાંડખેડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૦૩/૦૯/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એલ" ડીવીઝન ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ગોપાલ છગનભાઇ ડોરીયા (ઉ.વ.૩૦) (રહે. શક્તિનગર વિભાગ-૩ ગણેશનગર સામે નેશનલ હેન્ડલુમના ખાંચામાં અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૩ સવારના ૧૦/૪૫ થી બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે રસોડામાં છતમાં લાગેલ લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસિહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

**નિકોલઃ** સુરેશભાઇ જશમતભાઇ બોદર (ઉ.વ.૫૨)(રહે.મનાલી રેસીડેન્સી નિકોલ તળાવ પાસે નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૦૩/૦૯/૨૦૨૩ બપોરના ૨/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**નિકોલઃ** સુવેચ્છાબહેન અમિતભાઈ વર્મા (ઉ.વ.૨૫) (રહે. ઇન્દીરા વસાહત હુડકો નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૩ બપોરના ૨/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીંગરવા સરકારી હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહા ચલાવે છે.

**રામોલઃ** મંજુલાબહેન વા/ઓ છગનભાઇ પંચાલ (ઉ.વ.૭૨) (રહે. સાહીત્ય રેસીડેન્સી પુષ્પ બંગ્લોઝ પાસે રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ બિમારીથી કંટાળી તા.03/0૯/૨0૨3 રાતના ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે સાતમા માળ રસોડાની બારીમાંથી પડતું મુકી  આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી